# તસ્બીહે ઝિલકાદિલ હરામ

إِنَّ اللَّهَ اصْطَفَىٰ لَكُمُ الدِّينَ فَلَا تَمُوتُنَّ إِلَّا وَأَنتُم مُّسْلِمُونَ

***ઇન્નલ્લાહસ્તફા લકુમુદ્દીના ફલા તમુતુન્ના ઇલ્લા વ અન્તુમ મુસ્લેમુન.***

*"અલ્લાહે બેશક તમારા વાસ્તે આ (ઈસ્લામ) દીન ને પસંદ કીધું છે જેથી તમે મુસલમાન થયા સિવાય હરગીઝ વફાત નહી થાવ."*

અલ્લાહતઆલાએ ઈન્સાન વાસ્તે દીને ઈસ્લામને એક કામિલ, સીધો અને બેહતરીન મઝહબ બનાવું છે. જેના અહકામ અને તાઅલીમાત ઈન્સાનને કયામતના દિન તક રાહે હક્કની હિદાયત આપતું રહેશે. હ.ઈબ્રાહીમ (અ.સ.) અને હ. યાઅકૂબ (અ.સ.) એ અપની અપની ઔલાદને વસીયત કીધી કે, હકીકતન અલ્લાહે તમારા વાસ્તે દીનને પસંદ કરી લીધું છે, તો તમે હરગીઝ વફાત ન થાજો મગર અલી (અ.સ.) ની વલાયતનું ઈસ્લામ કુબૂલ કરીને. આ ઝિક્રથી એ વાત રોશન થાય છે કે ઈસ્લામનો અહમ રૂકુન અને બુનિયાદી ઝરૂરત અલી (અ.સ.) ની વસાયત અને આપની વલાયતને કુબૂલો તસ્લીમ કરવું છે.

ઈબ્રાહીમ નબી (અ.સ.) એ બારગાહે રબ્બાનીમાં અરઝ કીધી કે, અય મારા અલ્લાહ, મારી ઔલાદ અને ઝુર્રીયતમાં તું ઈમામતના સિલસિલાને જારી કર, બાકી રાખ. અલ્લાહતઆલાએ ફરમાવું કે, ***"અય મારા નબી ઇબ્રાહીમ, તમારી દુઆ મુસ્તજાબ છે મગર આપની ઔલાદમાંથી જે ઝાલિમ હશે તેને આ મસ્નદે ઇમામત નહીં મિલે."*** તો સાબિત થયું કે, પાક ઈમામો જે વસીની નસલમાંથી જારી થાય છે તે બેશક માઅસૂમ હોય છે, ઝાલિમ હરગીઝ હોતા નથી. અલ્લાહતઆલાએ ઈબ્રાહીમ (અ.સ.) પર તહારત-પાકીને નાઝિલ કીધી. તેમાંથી પાઁચ અહકામ મૂઁહ વાસ્તે છે અને પાઁચ અહકામ બદન વાસ્તે છે, એમ કુલ દસ અહકામ તહારતને મોતઅલ્લીક છે. મૂઁહ યા માથાના અહકામમાં (૧) શારિબના બાલ કતરવા યાઅની ઉપરના હોંઠના બાલને એટલી હદ તક ન વધારે કે તે હોંઠની ઉપરની ચામડીને ઢાંપી દે. (૨) દાઢીના બાલને વધવા દેવા, કોઈ વક્ત કતરવા નહીં. (૩) માથાના અને દાઢીના બાલને કંગી કરવી, સાફ રાખવા. (૪) નમાઝ પહેલા દાતન કરવું યા કુલ્લી કરવી. (૫) જમી રહ્યા પછી દાંતોને કોતરવા, તેના દરમ્યાન ખલલ કરવું જેથી તેમાં બાકી રહેલા જમનના ઝર્રાત નિકલી જાય. હવે બદનના અહકામમાં (૧) બાલિગ મરદ-બૈરોને બદન પરથી જે બાલ લેવા જોઈએ તે લેવા, જેમકે શરમગાહના બાલ અને બગલના બાલ. ચાલીસ દિનથી ઝિયાદા આ બાલને બદન પર ન રાખે. (૨) ખતાનત કરાવવી. (૩) નખ કતરવા. (૪) બૈરોથી જેમાઅ કીધા બાદ જનાબતનો ગુસ્લ કરવો. (૫) પાક પાનીથી જ પાક થાવું અને ગુસ્લ કરવો. આ છે તહારતના દસ અહમ અહકામ જે હમેશા હમેશા રહેશે, કોઈ વક્ત મન્સૂખ નહીં થાય, મિટી નહીં જાય.

ઈબ્તેદાએ ફિતરત અને ઈબ્તેદાએ ખલ્કતથી જ દીને ખુદા તે ઈસ્લામ છે. ખુદ અલ્લાહ, એના ફરિશ્તા અને ઈલ્મવાલાઓ ઈસ્લામની હક્કાનીયતની શહાદત દે છે. અલ્લાહના અંબિયા અને ઔલિયા તમામ શહાદત આપે છે કે **"લા ઇલાહા ઇલ્લલ્લાહ"** અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી અને હર ચીઝમાં અલ્લાહની વહદાનીયતની શહાદત છે. ઈલ્મના શહેરના દરવાઝા મૌલાના અલી (અ.સ.) એ ઈસ્લામની તાઅરીફ એ શાનથી બયાન ફરમાવી છે કે એ મિસ્લ કોઈ કરી શકું નથી. આપ મૌલા ફરમાવે છે કે, ***"ઇસ્લામનો મતલબ છે તસ્લીમ, તસ્લીમનો મતલબ છે યકીન અને યકીન તે સાચું ઠેહરાવવું છે, તસ્દીક કરવું છે, તસ્દીક તે ઇકરાર કરવું છે, ઇકરાર તે એને અદા કરવું છે અને અદા કરવું તે અમલ કરવું છે."*** મૌલાના અલી સિવાય કૌન એ મર્દે મુજાહિદ છે જે સહીહ ઈસ્લામને બતાવી શકે ? અલ્લાહતઆલા હમને સિરાતે મુસ્તકીમ પર કાઈમ દાઈમ રાખે અને ઈસ્લામો ઈમાન પર હમારો ખાતેમો બિલ ખૈર કરે. આમીન...★